# નિત્યાનંદ ત્રયોદશી : કરુણા, ભક્તિ અને વૈષ્ણવ પરંપરાનું મહાપર્વ

ધર્મરંગ

વ્યોમા સેલર



ભારતીય વૈષ્ણવ પરંપરામાં નિત્યાનંદ ત્રયોદશીનું ધાર્મિક અને સામાજિક વિશેષ મહત્ત્વ છે. ફાગણ માસની શુક્લ પક્ષની ત્રયોદશી તિથિએ ઉજવાતું આ પર્વ શ્રી નિત્યાનંદ પ્રભુના જન્મોત્સવરૂપે મનાવવામાં આવે છે. નિત્યાનંદ પ્રભુ માત્ર એક ધાર્મિક પાત્ર નથી પરંતુ તેઓ ભક્તિ, કરુણા અને સામાજિક સમરસતાના જીવંત પ્રતીક તરીકે વૈષ્ણવ સંપ્રદાયમાં વિશેષ સ્થાન ધરાવે છે. તેમને ભગવાન શ્રીકૃષ્ણના મોટા ભાઈ બલરામજીનો અવતાર માનવામાં આવે છે.

પંદરમી સદીનો સમય ભારત માટે ધાર્મિક અને સામાજિક અસ્થિરતાનો સમય હતો. જાતિવ્યવસ્થા, પાખંડ, અંધશ્રદ્ધા અને અહંકાર સમાજને વિખેરતા હતા. આવા સમયમાં મહાપ્રભુ ચૈતન્ય અને તેમના પરમ સાથી નિત્યાનંદ પ્રભુએ ભક્તિ આંદોલન દ્વારા સમાજમાં નવી ચેતના જગાવી. નિત્યાનંદ પ્રભુએ સાબિત કર્યું કે ઈશ્વરપ્રાપ્તિ માટે ન તો જટિલ વિધિઓ જરૂરી છે, ન તો ઊંચા વર્ગમાં જન્મ; સાચી ભક્તિ માટે શુદ્ધ હૃદય અને કરુણાભાવ પૂરતો છે.

નિત્યાનંદ પ્રભુનું જીવન કરુણાનું ઉત્તમ ઉદાહરણ છે. તેઓ દરેક મનુષ્યને ભગવાનનો અંશ માનતા અને ભેદભાવ વગર સૌને સ્વીકારતા. જ્યાં ઘણા સાધુઓ પાપી કે દુષ્ટ ગણાતા લોકોથી દૂર રહેતા ત્યાં નિત્યાનંદ પ્રભુ એ જ લોકો સુધી પ્રેમથી પહોંચ્યા. જગાઈ અને માધાઈ જેવી કુખ્યાત વ્યક્તિઓને પણ ભક્તિના માર્ગે લાવ્યા. આ ઘટના માત્ર ધાર્મિક ચમત્કાર નથી પરંતુ માનવીય પરિવર્તનની શક્તિ દર્શાવતો સામાજિક સંદેશ છે.

નિત્યાનંદ પ્રભુની ભૂમિકા મહાપ્રભુ ચૈતન્યના કાર્યમાં પૂરક હતી. ચૈતન્ય મહાપ્રભુ વૈરાગ્ય અને તત્ત્વ જ્ઞાનનું પ્રતીક હતા, જ્યારે નિત્યાનંદ પ્રભુ સરળતા, સહજતા અને લોકસંપર્કના માધ્યમથી ભક્તિને જનમાનસ સુધી પહોંચાડતા. ‘હરે કૃષ્ણ’ મહામંત્રને ગલીઓ, ગામો અને ઘરો સુધી લઈ જવામાં તેમનો ફાળો અતિમહત્ત્વપૂર્ણ રહ્યો. તેમણે ભક્તિને ગ્રંથોમાંથી બહાર કાઢીને જીવન સાથે જોડેલી.

નિત્યાનંદ ત્રયોદશીનું ધાર્મિક મહત્ત્વ એટલું જ નથી જેટલું તેનું સામાજિક અને નૈતિક મૂલ્ય છે. આ પર્વ આપણને યાદ અપાવે છે કે ધર્મનો મૂળ અર્થ માનવતા છે. આજે જ્યારે સમાજમાં અસહિષ્ણુતા, સ્વાર્થ અને વિભાજન વધતું જાય છે ત્યારે નિત્યાનંદ પ્રભુનો કરુણાનો સંદેશ અત્યંત પ્રાસંગિક બને છે. તેમણે શીખવ્યું કે કોઈ પણ વ્યક્તિ સુધારાથી પર નથી અને પ્રેમ દ્વારા દરેક હૃદય પરિવર્તિત થઈ શકે છે.

આજના આધુનિક યુગમાં જ્યાં માનવી તણાવ, સ્પર્ધા અને ભૌતિક દોડમાં ફસાયેલો છે ત્યાં નિત્યાનંદ પ્રભુનું જીવનદર્શન માર્ગદર્શક બને છે. તેમણે ક્યારેય સંન્યાસને જીવનથી ભાગવાનું સાધન બનાવ્યું નહીં પરંતુ ગૃહસ્થ જીવનમાં રહીને પણ ભક્તિ અને આધ્યાત્મિકતા શક્ય છે એ વાત પર ભાર મૂક્યો. આ વિચાર આજના યુવાનો માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે, જે આધ્યાત્મિકતા અને આધુનિક જીવન વચ્ચે સંતુલન શોધી રહ્યા છે.

> નિત્યાનંદ ત્રયોદશી માત્ર એક ધાર્મિક ઉત્સવ નથી પરંતુ માનવીય મૂલ્યોને ઉજાગર કરતું પર્વ છે. નિત્યાનંદ પ્રભુનો સંદેશ સ્પષ્ટ છે – ભક્તિ વિના અહંકાર વ્યર્થ છે અને કરુણા વિના ધર્મ અધૂરો છે

નિત્યાનંદ ત્રયોદશી દરમિયાન વૈષ્ણવ મંદિરોમાં હરિનામ સંકીર્તન, ભાગવત કથા અને ચૈતન્ય ચરિત્રામૃતના પઠન દ્વારા તેમનાં જીવનમૂલ્યોને યાદ કરવામાં આવે છે.

ઉપવાસ અને પૂજાપાઠ સાથે સાથે, આ દિવસ આત્મમંથનનો અવસર પણ આપે છે –

નિત્યાનંદ ત્રયોદશી માત્ર એક ધાર્મિક ઉત્સવ નથી પરંતુ માનવીય મૂલ્યોને ઉજાગર કરતું પર્વ છે. નિત્યાનંદ પ્રભુનો સંદેશ સ્પષ્ટ છે – ભક્તિ વિના અહંકાર વ્યર્થ છે અને કરુણા વિના ધર્મ અધૂરો છે. જો આજનો સમાજ તેમના જીવનદર્શનમાં રહેલા પ્રેમ, ક્ષમા અને સમરસતાનાં તત્ત્વોને સ્વીકારી લે તો અનેક સામાજિક વિસંગતતાઓ આપોઆપ દૂર થઈ શકે.

નિત્યાનંદ પ્રભુની કૃપા સૌ પર વરસે અને માનવહૃદયમાં ભક્તિ સાથે માનવતા પણ વિકસે એ જ નિત્યાનંદ ત્રયોદશીનો સાચો અર્થ છે.

---

# અધૂરું મધુરું

બાઉલ કથા



લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ



પશ્ચિમ બંગાળના વર્ધમાન જિલ્લા મથક પર ડૉક્ટર અયોગી સેનના ઘેરથી, જૂના મિત્ર વિજોનદાસ બાઉલના આશ્રમે જવાની ઈચ્છા થઈ. તેથી દામોદર નદીના કાંઠે કાંઠે, દહીંપારા ગામમાં તેના આશ્રમે જવા નીકળ્યા. કાચો રસ્તો હોવાથી ૩૦ કિલોમીટર જેટલો અંતર કાપવામાં બે કલાક થયા.

વિજાનદાસ ડૉક્ટર સેનને જોઈને ખૂબ જ આનંદમાં આવી ગયા. તેમણે કહ્યું, ‘‘તમે આજે પ્રસાદમાં ભાત અને દહીં મારી સાથે જ લેજો, સોનધાન ભાત આવ્યા છે તે જમાડીશ.’’ અમે હા કહી

તેમનો શિષ્ય સુજા બાજુમાં ઊભો રહી અને અમારી વાતો સાંભળતો હતો. તે પણ અમને જોઈને આનંદમાં આવી ગયો હતો. ત્યાં જ તેણે તેના ચેલા સુજાને ગામમાં દહીંની માધુકરી કરવા મોકલી દીધો. માધુકરી કરવા જતા જતા તેમનો શિષ્ય સુજા બોલ્યો, ‘‘સારું થયું, તમે આવ્યા, આજે અમને ઘણા વખતે દહીંભાતનો ભોગ મળશે.’’ બીજોને પૂછ્યું, ‘‘ડોક્ટર બાબુ તમે બે જ છો? તમારો સારથિ તપન ક્યાં છે?’’

ડૉક્ટરે સાદ કરી, ડ્રાઈવરને બોલાવ્યો. કારમાંથી ડ્રાઈવર આવ્યો. ડ્રાઈવરને જોઈને બાઉલ બોલ્યો, ‘‘અરે આ તો નવો સારથિ લાગે છે. જૂનો સારથિ તપન ક્યાં ગયો?’’ સે ન બોલ્યા, ‘‘અરે, છોડો બાઉલ! તે તપન તો ખૂબ જ ઓછું સમજતો, કેટલી વખત એકની એક વાત સમજાવી પડતી, જેથી કંટાળીને છૂટો કરી દીધો.’’ વાત સાંભળી વિજોનદાસ બાઉલ થોડા ગંભીર થઈ ગયા એવું લાગ્યું. તે બોલ્યા, ‘‘ડોક્ટર બાબુ, એ તમે ઠીક ન કર્યું. અડધું સમજવું તે તો સદગુણ કહેવાય!’’

ડૉક્ટર ચૂપ રહ્યા થોડી વારમાં સુજાએ કહ્યું, ‘‘ભાત તૈયાર છે.’’ બાઉલનો રાજવી પ્રિય ખોરાક એટલે દહીંભાત! ખપપૂરતું મીઠું, મરચું, વગેરે ભોજનપ્રસાદ ગ્રહણ કરનાર પોતાની જાતે જ લઈ લે. અમે ભોજનપ્રસાદ માટે બેઠા. થોડી વારમાં ભાત અને દહીં તથા મસાલાના વાટકા આવ્યા. પારખુ નજરવાળા વિજાનદાસ ભાત જોઈ અને સમજી ગયા કે ભાત રાંધવામાં કંઈક ગડબડ થઈ છે. તેથી તે બોલ્યા, ‘‘બેટા, સુજા! સોનભાત રાંધ્યા છે ને?’’ સુજાએ કહ્યું, ‘‘હા, હમણાં જ માધુકરી કરી અને સોનદાન ભાત, દિશા મંડળના ઘરેથી લાવ્યો છું! અને તે જ રાંધ્યા છે.’’

બધા ચૂપચાપ જમવા લાગ્યા. અમને લાગ્યું વિજોનદાસ ભાતના જે રીતે વખાણ કરતો હતો તે કક્ષાના ભાત તો નહોતા પરંતુ “પ્રવાસમાં સુવાસનો ત્યાગ કરવો તથા યાત્રીએ મુશ્કેલીની ખાત્રી રાખવી” તે સૂત્ર મુજબ અમે બંને, જે પ્રસાદ આવ્યો તે ગ્રહણ કરી લીધો. ભોજન પછી અમે આશ્રમના પ્રાંગણમાં બેઠા હતા. બીજોને ફરીથી વાત છેડી, ‘‘ડૉક્ટર બાબુ! અપૂર્ણતાને ઓગળવાની ન હોય, સ્વીકારવાની હોય. જે પૂર્ણ હોય તે તો ત્યાં જ સમી જાય. અપૂર્ણ જ વાતને આગળ વધારે!’’

પછી બોલ્યા, ‘‘અમે બાઉલ ઓછું સમજતા શિષ્યને વધુ પ્રેમ કરીએ કારણ કે તે બાઉલ ગીત અડધું સમજીને ગાઈ. લોકો અર્થ પૂછે તો કશું ન કહે! લોકો હૈયા ઉકલતથી અર્થ કાઢે. તે રીતે ગીતના નવા નવા અર્થ ઉઘડે! લોકો અર્થસાર કાઢવા માટે ગીતમાં સહભાગી થાય. અંદરોઅંદર અને એકબીજાને પૂછતા ફરે. તે રીતે જ ગીતની અંદર રહેલા સંદેશનો વિસ્તાર થાય! સામે પક્ષે જો બધું જ સમજી ગયેલ શિષ્ય હોય તો તે દૃઢ અને સત્તાવાહી અવાજમાં તેને અભિપ્રેત થયેલો અર્થ લોકોના ચિત્તમાં થોપી બેસાડે, લોકો તે અર્થ ગીત સાંભળવા પૂરતો સાંભળી લે! પછી તુરત ભૂલી જાય. ગીતમાં, વાતમાં કે વિચારમાં સહયોગી ન બને. ગીત ત્યાં જ શમી જાય, વિચાર ત્યાં જ થંભી જાય.’’ આગળ કહ્યું, ‘‘તમે જોયું છે, જામફળના ઝાડ પર પોપટ જામફળ ખાય તે આખું-પાખું ખાય, ચાંચથી અડધુંપડધું ચાવે અને ઉતારી જાય. જો પૂરેપૂરું ભૂકો કરીને, લોંદો બનાવીને ખાય તો તેને જરૂર વધુ પોષણ મળે પણ જામફળનાં બી પણ ભેગા દળાઈ જાય.

જામફળની યાત્રાનો ત્યાં જ અંત આવી જાય. જ્યારે શુક મહારાજે અડધાપડધા, આખા-પાખા, ખાધેલા જામફળનાં બી, અખંડ રીતે, હગાર વાટે નીકળે અને અન્ય સ્થાન પર બીજા જામફળને જન્મ આપે! તેથી કહું છું કે સંપૂર્ણ સમજણવાળો માણસ એટલે સંદેશનું છેલ્લું સ્થાન! અડધીપડધી સમજણવાળો માણસ જ સંદેશના બીજને દરેક દિશામાં ફેલાવે! અપૂર્ણતા એ શુભ છે.’’ પછી થોડું રોકાઈ અને હસતા હસતા બોલ્યો, ‘‘જુઓ મારો ચેલો સુજા, આજે ફક્ત દહીં લાવવાનું કહ્યું હતું. સરસ એવા જૂના સોનાધાન ચોખા તો ગઈકાલે જ એક પ્રેમી આપી ગયો હતો. તે રસોડામાં પડેલા હતા, તે જ બનાવવાના હતા પરંતુ તે પૂજા મંડલના ઘરેથી નવા ઉગેલા ચોખા લાવ્યો અને તે રાંધ્યા. તમને ભાતને બદલે લચકો ખવડાવી દીધો! ડૉક્ટર બાબુ તમે સારથિને તરછોડી દીધો પણ હું તો સુજાને એક શબ્દ પણ નહીં કહું.’’

> સંપૂર્ણ સમજણવાળો માણસ એટલે સંદેશનું છેલ્લું સ્થાન! અડધીપડધી સમજણવાળો માણસ જ સંદેશના બીજને દરેક દિશામાં ફેલાવે! અપૂર્ણતા એ શુભ છે. જે પૂર્ણ હોય તે તો ત્યાં જ સમી જાય. અપૂર્ણ જ વાતને આગળ વધારે!

અમને હવે જમતા જમતા અણગમતા લાગેલા ભાત, બીજોનની આ વાત પછી મીઠા લાગ્યા.